# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 04-04-2024** **Morning : 7.10 to 7.20**
**Day: THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર નિકીતા શાહ વાંચે છે.

---

- લોકસભા ચૂંટણીના બીજા તબક્કા માટે ઉમેદવારીપત્રો ભરવાનો આજે અંતિમ દિવસ.
- ચૂંટણી પંચે વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્ય સચિવો અને પોલીસ વડાઓ સાથે બેઠક યોજી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિની સમીક્ષા કરી
- રાજ્યના તમામ જિલ્લા ચૂંટણી અધિકારીઓ દ્વારા રાજકીય પક્ષોની હાજરીમાં EVM નું ફર્સ્ટ રેન્ડમાઈઝેશન આજથી હાથ ધરાશે.
- તાજેતરમાં યોજાયેલી રાજયકક્ષાની પેરાસ્વિમીંગ સ્પર્ધામાં જયેશ મકવાણાએ એક સુવર્ણ સહિત ચાર ચંદ્રકો જીત્યા છે.
- આઈપીએલમાં અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે આજે ગુજરાત ટાઇન્ટસ અને પંજાબ કિંગ્સ વચ્ચે મુકાબલો થશે.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# 2ND PHASE NOMINATION

લોકસભા ચૂંટણીના બીજા તબક્કા માટે ઉમેદવારીપત્રો ભરવાનો આજે અંતિમ દિવસ છે. આ તબક્કામાં બાહ્ય મણિપુર લોકસભા મતવિસ્તારની સાથે 12 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની 88 લોકસભા બેઠકો પર ચૂંટણી યોજાશે.

આ તબક્કામાં કેરળની 20, કર્ણાટકની 14, રાજસ્થાનની 13, ઉત્તરપ્રદેશ અને મહારાષ્ટ્રની આઠ-આઠ, મધ્યપ્રદેશની સાત, આસામ અને બિહારની પાંચ-પાંચ, પશ્ચિમ બંગાળ અને છત્તીસગઢની ત્રણ-ત્રણ બેઠકો પર મતદાન થશે.

આ ઉપરાંત ત્રિપુરા અને જમ્મુ-કાશ્મીરમાં પણ આ તબક્કામાં મતદાન થશે. બીજા તબક્કાનું મતદાન 26 એપ્રિલે થશે. જમ્મુ-કાશ્મીર સિવાયના તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ઉમેદવારીપત્રોની ચકાસણી આવતીકાલે હાથ ધરાશે. જમ્મુ-કાશ્મીરમાં 6 એપ્રિલે ઉમેદવારીપત્રોની ચકાસણી થશે.

---

-પુલ, જયેશ વેગડા -(નવીન)

# NEW-EC---LAW---ORDER

ચૂંટણી પંચે વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્ય સચિવો અને પોલીસ વડાઓ સાથે બેઠક યોજી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિની સમીક્ષા કરી છે.

ચૂંટણીપંચે બધા જ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્ય સચિવો અને પોલીસ મહાનિયામકોને આંતર રાજ્ય તેમજ આંતરરાષ્ટ્રીય સરહદો ઉપર ગેરકાયદેસર ધોરણે દારૂ, રોકડ નાણાં, માદક પદાર્થો, શસ્ત્રો અને મફતમાં વહેંચાતી ચીજો પર કડક નજર રાખવાનો આદેશ આપ્યો છે. .

ચૂંટણીપંચે 2024માં સામાન્ય ચૂંટણી મુક્ત અને શાંતિપૂર્ણ તેમજ ન્યાયી રીતે હાથ ધરવા માટે શક્ય તમામ પગલાં લેવાનો આદેશ આપ્યો છે.

મુખ્ય ચૂંટણી કમિશ્નર રાજીવકુમાર તેમજ ચૂંટણી કમિશ્નરો જ્ઞાનેશકુમાર અને સુખબીરસિંહ સંધુએ આ બેઠકની અધ્યક્ષતા કરી હતી આ પ્રસંગે રાજીવ કુમારે મુક્ત અને નિષ્પક્ષપણે શાંતિપૂર્ણ રીતે ચૂંટણી યોજવાના ચૂંટણી પંચનો નિર્ધાર વ્યક્ત કર્યો હતો. રાજીવકુમારે દરેક મતદાર પોતાના મતાધિકારનો ઉપયોગ કોઈ પણ ડર વગર કરી શકે તે જોવાનો બધા રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશને આદેશ આપ્યો. આ બેઠક દરમિયાન અરૂણાચલ પ્રદેશ, મહારાષ્ટ્ર અને છત્તીસગઢ જેવા પડકાર સમા રાજ્યોમાં ચૂંટણી ટુકડીઓને લાવવા લઇ જવામાં મદદરૂપ થવા ભારતીય હવાઇદળ અને રાજ્ય નાગરિક ઉડ્ડયન વિભાગના સહકારની પણ સમીક્ષા કરાઇ. તથા છત્તીસગઢ તેમજ જમ્મુ-કાશ્મીર જેવા રાજ્યોમાં રાજકીય કાર્તકર્તાઓ અને ઉમેદવારોને મળતી ધાક-ધમકીથી સુરક્ષા માટે તેમની પૂરતી સલામતી વ્યવસ્થા  કરવાનો પણ આદેશ આપવામાં આવ્યો.

---

-રીપીટ

# EVM Randomization

આજથી આઠમી એપ્રિલ દરમિયાન રાજ્યના તમામ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીઓ દ્વારા રાજકીય પક્ષોની હાજરીમાં EVM નું ફર્સ્ટ રેન્ડમાઈઝેશન હાથ ધરવામાં આવશે.

સાથે જ રેન્ડમાઇઝ્ડ EVM જિલ્લા ચૂંટણી અધિકારીઓ દ્વારા તેઓના જિલ્લાના તમામ વિધાનસભા મતવિભાગના મદદનીશ ચૂંટણી અધિકારીઓને સોંપવામાં આવશે. જ્યાં સંબંધિત મદદનીશ ચૂંટણી અધિકારી દ્વારા EVM નો વિધાનસભા મતવિભાગ કક્ષાના સ્ટ્રોંગરૂમમાં માન્યતા પ્રાપ્ત રાજકીય પક્ષોની હાજરીમાં નિયત પ્રોટોકોલ મુજબ સંગ્રહ કરવામાં આવશે

---

-રીપીટ

# Chief Electoral Officer P. Bharti

રાજ્યમાં લોકસભાની ચૂંટણી તથા વિધાનસભાની 05 બેઠકો પર પેટાચૂંટણી સંદર્ભે મુખ્ય ચૂંટણી અધિકારીની કચેરી દ્વારા આખરી તૈયારીઓ ચાલી રહી છે.

મુખ્ય ચૂંટણી અધિકારી પી. ભારતીએ જણાવ્યું કે, રાજ્યભરમાં નિયુક્ત કરવામાં આવેલા પોલીંગ સ્ટાફના ફર્સ્ટ રેન્ડમાઈઝેશનની કામગીરી પૂર્ણ કરી દેવામાં આવી છે. રાજ્યભરના તમામ પ્રિસાઈડીંગ ઑફિસર્સ અને પોલીંગ ઑફિસર્સની તાલીમ પણ પૂર્ણ કરી દેવામાં આવી છે. મતદાર યાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા-2024 તેમજ ત્યાર બાદ આવેલી અરજીઓ પૈકી 14 લાખથી વધુ ફોટો ઓળખકાર્ડ નું વિતરણ પૂર્ણ કરી દેવામાં આવ્યું છે.

મુખ્ય ચૂંટણી અધિકારી એ વધુમાં જણાવ્યું કે, મહિલાઓની મતદાનની સહભાગિતા વધારવા રાજ્યભરમાં બુથ લેવલે બેઠકો યોજી તેમને મતદાન માટેની પત્રિકા આપવામાં આવશે.

---

-રીપીટ

# GANDHINAGAR P BHARTI

ગુજરાત લોકસભાની ચૂંટણીમાં મહિલાઓ અને યુવો મતદારો સહભાગી થાય તે માટે મતદાન જાગૃતિના વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે.

મુખ્ય ચૂંટણી અધિકારી પી ભારતીએ લોકશાહીના આ પર્વમાં ભાગ લેવા લોકોને અપીલ કરી હતી. ગાંધીનગર ખાતે યોજાયેલી પત્રકાર પરિષદમાં પી ભારતીએ આ મુજબ જણાવ્યું,

## બાઈટ – પી ભારતી, મુખ્ય ચૂંટણી અધિકારી

---------------------------------------------------------------------

-પીટીસી, ગાંધીનગર, વિધી મોદી -(નવીન)

# Sabarkantha Election Training

લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪ અંતર્ગત સાબરકાંઠા જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર નૈમેષ દવે અને જિલ્લા વિકાસ અધિકારી હર્ષદ વોરાની ઉપસ્થિતિમાં સાબરકાંઠા તથા અરવલ્લી જિલ્લાની તમામ એકાઉન્ટીંગ ટીમ તથા આસીસ્ટન્ટ એક્ષ્પેન્ડીચર ઓબઝર્વર તથા એકાઉન્ટીંગ ટીમના સભ્યોને રાજકીય પક્ષ ધ્વારા કરવામાં આવતા ખર્ચના મોનીટરીંગ અંગે તાલીમ આપવામાં આવી.

અમારા સાબરકાંઠા જિલ્લાના પ્રતિનિધિ યોગેશ સાથવરા જણાવે છે કે, સાબરકાંઠા જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર નૈમેષ દવેએ મીડિયા સેન્ટરની મુલાકાત લઈને કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. તેમણે નિષ્પક્ષ અને ન્યાયી ચૂંટણી યોજાય તે માટે ચૂંટણી આદર્શ આચાર સંહિતા અમલ માટે કાર્યરત જિલ્લા ચૂંટણી ખર્ચ સેલ  અને જિલ્લા ચૂંટણી કંટ્રોલ રૂમની કામગીરીનું પણ નિરિક્ષણ કર્યું હતું. આ ઉપરાંત જિલ્લામાં ૨૦૦થી વધુ માઈક્રો ઓબ્ઝર્વરની તાલીમ પણ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર નૈમેષ દવેની અધ્યક્ષતામાં યોજાઈ હતી.

---------------------------------------------------------------

-પીટીસી, સાબરકાંઠા, સંસ્કૃતિ -(નવીન)

# c-vigil - Panchmahal

લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪ માટેની આચારસંહિતાના આદર્શોને જાળવવા તેમજ તેના ઉલ્લંઘનની ફરિયાદો અને તેનું નિવારણ લાવવા સિ-વિજિલ (c-vigil) મોબાઈલ એપ અને વેબ પોર્ટલ કાર્યરત છે. જે અંતર્ગત પંચમહાલ જિલ્લામાં આ એપ દ્વારા આચારસંહિતાના ભંગની નોંધાયેલી 15 ફરિયાદોનું તત્કાલ નિરાકરણ કરાવામાં આવ્યું.

ઉલ્લેખનીય છે કે, કોઈપણ નાગરિક મોબાઈલમાં સી-વિજિલ એપ દ્વારા આચારસંહિતાના ઉલ્લંઘન,ચૂંટણી દરમિયાન ધાક-ધમકી કે પ્રલોભનો સહિતના અનૈતિક આચરણ અંગે પુરાવા સાથે ફરિયાદ નોંધાવી શકે છે.

-----------------------------------------------------------------------

-પીટીસી, પંચમહાલ, સંસ્કૃતિ -(નવીન)

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. વધુ સમાચાર આપ અમારી વેબસાઇટ newsonair.gov.in/Gujarati પર વાંચી શકશો..

.......................................

# J.E.E.

આજથી JEE મેઇન્સ-2 પરીક્ષાનો પ્રારંભ થશે. સેશન 2 એકઝામ B.E. B.TECH, તારીખ 4, 5, 6, 8 અને 9 એપ્રિલે સવારે 9 થી 12 અને બપોરે 3 થી 6 દરમિયાન યોજાશે. જયારે B.ARCH અને B.PLAN પરીક્ષા 12 એપ્રિલે યોજાશે.

રાષ્ટ્રીય પરીક્ષા એજન્સીના જણાવ્યા મુજબ પરીક્ષા કેન્દ્ર પર વિદ્યાર્થીઓને આધારકાર્ડ, પાસપોર્ટ સહિતના સરકારી દસ્તાવેજોના આધારે પ્રવેશ અપાશે.

દેશભરમાંથી 15 લાખ વિદ્યાર્થીઓ આ પરીક્ષા આપશે. 25 એપ્રિલે રીઝલ્ટ જાહેર થશે.

ઉલ્લેખનીય છે કે, મેઇન પછી 26 મે JEE એ એડવાન્સ આયોજીત કરાશે.

---------------------------------------------------------------------

- ડેસ્ક, નિકીતા -(નવીન)

# Police recruitment

પોલીસ વિભાગના પીએસઆઈ, લોકરક્ષક, કોન્સ્ટેબલ અને જેલ સિપાઈ સહિતની જગ્યાઓ પર ભરતી માટે 30 એપ્રિલ સુધી અરજી કરી શકાશે.

પોલીસ ભરતી બોર્ડે કુલ બાર હજાર, 472 જગ્યાઓ માટે ભરતીની જાહેરાત કરી છે. આ જાહેરાત મુજબ ઓજસ વેબસાઇટ પર ઓનલાઇન ફોર્મ ભરી શકાશે.

---------------------------------------------------------------------

- ન્યૂઝ પેપર નીકિતા – દુર્ગેશ

# Para swimming

તાજેતરમાં યોજાયેલી રાજયકક્ષાની પેરાસ્વિમીંગ કોમ્પીટીશનમાં જયેશ મકવાણાએ એક સુવર્ણ સહિત ચાર ચંદ્રકો જીત્યા છે.

ભાવનગરના ડોળીયા ગામના જયેશે માત્ર એક વર્ષ પહેલા અમદાવાદના સરદાર પટેલ સ્ટેડિયમ સ્નાનાગર ખાતે સ્વિમીંગ શીખવાનું શરૂ કર્યું હતું. જયેશે નેશનલ પેરાચેમ્પિયનશીપમાં સ્વિમીંગની સ્પર્ધાઓમાં એક ગોલ્ડ સહિત ચાર ચંદ્રકો જીત્યા હતા.

ગત 29થી 31 માર્ચ દરમિયાન યોજાયેલી રાજયકક્ષાની પેરાસ્વિમીંગ ચેમ્પીયનશીપમાં જયેશે 200 મીટર મેડલી સ્પર્ધામાં સુવર્ણ, 100 મીટર અને 50 મીટર ફ્રીસ્ટાઇલમાં રજત અને રીલે સ્પર્ધામાં કાંસ્ય ચંદ્રક સહિત કુલ 4 ચંદ્રકો મેળવ્યા છે.

---

-ન્યુઝ પેપર, નિકીતા -(નવીન)

# IPL

આઈપીએલમાં અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે આજે ગુજરાત ટાઇન્ટસ અને પંજાબ કિંગ્સ વચ્ચે મેચ રમાશે. મેચ સાંજે સાડા સાત વાગે શરૂ થશે.

છેલ્લી મેચમાં હૈદરાબાદને સાત વિકેટે હરાવ્યા બાદ ગુજરાત જીતના આત્મવિશ્વાસ સાથે મેચમાં ઉતરશે. જ્યારે શિખર ધવનની કપ્તાની હેઠળ પંજાબ ગુજરાતને તેના હોમ ગ્રાઉન્ડ ઉપર હરાવવા માટે મેચમાં ઉતરશે.

---------------------------------------------------------------------

- ન્યૂઝ પેપર નીકિતા - દુર્ગેશ

# Table tennis

ટેબલ ટેનિસમાં WTT ફીડર વરાઝદીન સ્પર્ધા આજથી ક્રોએશિયામાં શરૂ થશે.

આ સ્પર્ધામાં રાજ્યના હરમીત દેસાઇ સહિત જી. સાથીયાન, મનીકા બત્રા, પાયસ જૈન, સ્નેહિત સુરવજ્જુમા દેશના અગ્રણી ખેલાડીઓ ભાગ લેશે. રાજ્યના હરમીત મેન્સ સિંગલ્સ અને મેન્સ ડબલ્સમાં ભાગ લેશે.

---------------------------------------------------------------------

- પૂલ નીકિતા - દુર્ગેશ

# Vadodara- World stray animal day

આજે વર્લ્ડ સ્ટ્રે એનિમલ દિવસ છે. વડોદરા જિલ્લામાં વર્લ્ડ સ્ટ્રે એનિમલ દિવસની ઉજવણીમાં પ્રાણી સંરક્ષણ સંસ્થાએ શેરી કૂતરાઓ સંબંધિત સમસ્યાઓ અંગે વિદ્યાર્થીઓને જાગૃત કરવા માટે એક અરસપરસ રમતનું આયોજન કર્યું હતું. લોકપ્રિય 'સાપ અને સીડી' રમતથી પ્રેરિત, 'સ્લાઇડ્સ એન્ડ લેડર્સ' નામની લાઈફ-સાઈઝ બોર્ડ રમત રમાડવામાં આવી હતી. તેમાં પ્રિ-સ્કૂલના આશરે 30 વિદ્યાર્થીઓ જોડાયા હતા.

બાળકો અને માતા-પિતાને રેબીઝ, સ્પેઇંગ અને ન્યુટરીંગ, ફીડિંગ, સ્થળાંતર, કુતરાનું વર્તન, પશુચિકિત્સા સંભાળ, રસીકરણ, પ્રાણીઓના કાયદા જેવા વિષયો સહીત શેરી કુતરાઓ સંબંધિત સમસ્યાઓના વિવિધ પાસાઓ વિશે જાગૃત કરવામાં આવ્યા હતા.

---

-રીપીટ